RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 258, Dt.18-1-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# જૂના આવકવેરા કાનૂનમાં બદલાવ કરવા સરકારે તૈયારી આરંભી

## લાંબા સમયથી ચર્ચામાં રહેલા નવા ટેકસ કોડમાં હવે મહત્વનું કદમ: બજેટ સત્રમાં ન્યુ ઈન્કમટેકસ બિલ રજૂ કરાશે : સમગ્ર કાનૂનની ભાષા – વ્યાખ્યા સરળ બનાવવા પર ભાર : કરદાતા સહિતના તમામ વર્ગના લોકોના અભિપ્રાય મેળવાશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રની મોદી-૩ સરકારનું આગામી તા.૧ ફેબ્રુઆરીના રોજ રજુ થનારા બજેટમાં હવે અનેક નવા માર્ગો પર દેશના અર્થતંત્રને લઈ જવા માટે તૈયારી કરાશે તેવા સંકેત છે અને સૌથી મહત્વનું નાણામંત્રી નિર્મલા સીતારામન સીધા કરવેરામાં હવે નવા ઈન્કમટેક્ષ બિલને રજુ કરશે.

જો કે તે બજેટ પ્રક્રિયાના ભાગ નહી હોય અને એક સ્વતંત્ર ખરડા તરીકે ન્યુ ઈન્કમટેક્ષ બિલ આવશે. આ નવા ઈન્કમટેક્ષ બિલનો મૂળભૂત ઉદેશ સમગ્ર ટેક્ષ સીસ્ટમને સરળ બનાવવાનો છે અને ખાસ કરીને અનેક કલમોની જે આંટીઘુંટી ભરી વ્યાખ્યા છે તેના બદલે સામાન્ય કરદાતા સરળ રીતે સમજી શકે તે સાથે તમામ કલમોમાં સુધારા વધારા થશે.

દેશમાં આઝાદી બાદ દાખલ કરાયેલા આવકવેરા કાનૂનને હવે ૬૩ વર્ષ થયા છે પણ હવે તેના સ્થાને બે અથવા ત્રણ ભાગમાં નવો આવકવેરા કાનૂન આવશે અને આ નવા કાનૂનનો મુત્સદો તાત્કાલીક લાગુ થશે નહી પણ તે પ્રથમ સંસદીય સમીતીને સુપ્રત થશે અને સાથોસાથ આ ક્ષેત્રના નિષ્ણાંતો અને ટેક્ષ કન્સલ્ટન્ટથી આમ કરદાતા પણ પોતાના અભિપ્રાય મોકલી શકશે અને તે ફીડબેક તથા સંસદીય સમીતીના પણ રિપોર્ટના આધારે તેમાં આવકવેરા કાનૂન અમલમાં મુકાશે.

છેલ્લા છ થી આઠ સમાહથી નાણામંત્રાલય અને વડાપ્રધાન કાર્યાલય આ અંગે સતત બેઠકોનો દોર ચલાવી રહ્યું છે અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મહત્વના સૂચનો પણ આપ્યા હતા. જો કે આ ખરડો સંસદના બજેટ સત્રના પ્રથમ કે બીજા તબકકાના સત્રમાં રજુ થશે તે અંગે હજુ નિશ્ચિત નથી.વાસ્તવમાં ડાયરેકટ ટેક્ષ કોડની ચર્ચા લાંબા સમયથી ચાલે છે અને પ્રથમ ૨૦૧૦માં તે અંગેના ખરડો સંસદમાં રજૂ થયો હતો પણ મોદી સરકારના આગમન બાદ તેને રી-રાઈટ કરવા નિષ્ણાંતોને સુપ્રત કરાયો હતો. ખાસ કરીને આવકવેરા કાનૂનના જે અદાલતી અર્થઘટનો થયા છે. ખાતાકીય રીતે ખર્ચ કરાયા છે તે તમામને ધ્યાનમા રાખીને અત્યંત સરળ કાનૂન તૈયાર કરાશે.



ખાસ કરીને કાનૂનની ભાષા સુધારાને એ રીતે પણ તૈયાર નહી કરાય કે નવા લીટીગેશન સર્જાય તે ખાસ ધ્યાનમાં રખાશે અને તેની અસર હાલના કેસ જે મોટી રીકવરીના પેન્ડીંગ છે તેના પર અસર પડે નહી તે પણ નિશ્ચિત કરાશે. કેન્દ્રનું બજેટ-૨૦૨૫ નુ કાઊન્ડ ડાઉન શરૂ થઈ ગયુ છે તે સમયે જ આર્થિક મોરચે નાણામંત્રી નિર્મલા સિતારામનની કસોટી કરે તેવા સંકેતો મળી રહ્યા ચે. ખાસ કરીને અને તંત્રની રફતાર જે રીતે ધીમી પડી રહી છે માંગ ઘટી રહી છે તે સ્થિતિ જોતાં નાણામંત્રીએ અર્થતંત્રમાં ઈંધણ પુરૂ પાડવા માટેના વિકલ્પો પર વિચારણા કરવી પડશે.અમેરિકામાં ટ્રમ્પ શાસનનાં આગમન બાદનું આ મુજબ બજેટ આયાત-નિકાસમાં નવો પડકાર સર્જશે ખાસ કરીને રૂપિયાની ઘટતી જતી કિંમત એ કેટલી ચિંતા છે તેનો ખાસ આગામી ૧-૨ માસ બાદ આવે અને નાણામંત્રીએ તેની આગોતરા તૈયારી રાખવી પડશે.દેશમાં આ વર્ષે દિલ્હી બાદ મહત્વની ગણી શકાય તેવી બિહાર ચૂંટણી છે તેથી મોદી સરકાર તેની વધુ ચિંતા કર્યા વગર જ બજેટ તૈયાર કરી શકશે. ચાલુ નાણાંકીય વર્ષમાં અર્થતંત્રની રફતારને બ્રેક લાગી છે જીડીપી ૬.૪ ટકા પર આવશે તેવો અંદાજ છે. અને ખાસ કરીને ઉત્પાદન ચિત્ર ૫.3% નો વૃધ્ધિદર રહેશે. જે ગત વર્ષ ૯.૯ ટકા હતો ખાસ ફર્ક અહી જ છે. માંગ વચ્ચે ઉત્પાદનને બ્રેક લાગી છે અને તેની સીધી અસર રોજગારી પર પડી છે તો બીજી તરફ ફૂગાવાની ચિંતા છે મોંઘવારી બહારી અને આંતરીક બન્ને ફેકટરના કારણે વધી રહી છે.ખાનગી મુડીરોકાણ લગભગ ઠપ્પ છે લોકોના હાથમાં નાણા પહોંચાડવામાં નાણામંત્રી કયા ઉપાયો કરશે તેમાં સૌથી મહત્વનું આવકવેરા સહિતના અન્ય વેરામાં ઘટાડો તે આજની માંગ છે.

# ખ્યાતિ કાંડનો કાર્તિક પટેલ અંતે પોલીસના શરણે

## દુબઈથી અમદાવાદ આવી પહોંચતા આંતરરાષ્ટ્રીય વિમાની મથકેથી જ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાત સહીત દેશભરમાં જબરી સનસનાટી સર્જનાર અમદાવાદના ખ્યાતિ હોસ્પીટલ કાંડનો મુખ્ય આરોપી આ જાણીતો તબીબ ૬૫ દિવસ સુધી વિદેશમાં નાસતો-ભાગતો રહ્યા બાદ અંતે તે મોડી રાત્રીનાં અમદાવાદ વિમાની મથકે આવતા જ સમગ્ર કાંડની તપાસ ચલાવી રહેલા અમદાવાદ પોલીસની ક્રાઈમ બ્રાંચે તેની ધરપકડ કરી છે.

હવે ખ્યાતિ કાંડમાં માસ્ટર માઈન્ડ ગણાતો કાર્તિક પટેલ આ પ્રકરણ ખુલતા જ વિદેશ નાસી ગયો હતો અને અનેક દેશોમાં ફર્યા બાદ અંતે દુબઈમાં હોવાનું જાહેર થયુ હતું કાર્તિક પટેલને ઝડપવા માટે લુકઆઉટ નોટીસ પણ જારી કરતા તેના માટે વધુ નાસવુ ફરવુ મુશ્કેલ બની ગયુ હતું

અંતે ભારત-પરત આવીને અમદાવાદ પોલીસને શરણે થયો હતો તેણે આગોતરા જામીન માટે છેક ગુજરાત હાઈકોર્ટ સુધી પ્રયાસ કર્યા હતા.

પણ તમામ અરજીઓ ફગાવતા તેના માટે પરત આવવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો ન હતો. આ કાંડમાં અત્યાર સુધીમાં પ્રશાંત અમીરાણી હોસ્પીટલના પાર્ટનર રાજશ્રી કોઠારી અને રાજકોટ સહિતના શહેરોમાં હોસ્પીટલ ધરાવતા સંજય પટોળીયા સહીત નવ આરોપી અગાઉ જ ઝડપાયા હતા. કાર્તિક પટેલ પહેલા ઓસ્ટ્રેલીયા, બાદમાં દુબઈમાં રહેવા લાગ્યો હતો અને અહી તેના ખાસ લોકો સાથે સંપર્કમાં હતો તથા તેના ધારાશાસ્ત્રીની આગોતરા જામીન માટે અને કેટલાક રાજકીય કોન્ટેક મારફત પણ તેને રાહત મળે તેવા પ્રયાસો કર્યા હતા.અમદાવાદની ખ્યાતિ હોસ્પીટલમાં તેમના નેતૃત્વ હેઠળની તબીબી ટીમોએ ગ્રામીણ દર્દીઓની હૃદયનાં બિનજરૂરી ઓપરેશન કરીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કરોડો રૂપિયાની કમાણી કરી હતી અને તેના છેડા છેક ગાંધીનગર સુધી પડયા છે અને માનવતા નેવે મુકીને





ફકત નાણા કમાયા છે. ગ્રામીણ ક્ષેત્રમાં આરોગ્ય-નિદાન કેમ્પ યોજીને તે બિનજરૂરી રીતે દર્દીઓને અમદાવાદ લાવી તેના ઓપરેશન ખ્યાતિ હોસ્પીટલમાં કરાતા હતા જેમાં બે દર્દીના મોત થતા સમગ્ર રેકેટ ખુલ્યુ હતું.તેના નિવાસે પાડેલા દરોડામાં શરાબનો બાર તથા જુગાર રમવાના પોકર પણ મળ્યા હતા.તેના આલીશાન નિવાસમાં આ કાળી કમાણી હોવાનું પણ ખુલ્યુ છે.

# હુમલાખોર ચોરીના ઈરાદે નહીં પણ હુમલો કરવા આવ્યો હતો..' સૈફ પર હુમલા અંગે કરીનાકપૂરનો ખુલાસા

**મુખ્ય સમાચાર,મુબઈ**



બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર થયેલા હુમલાની મુંબઈ પોલીસ તપાસ કરી રહી છે. આયા બાદ હવે કરીના કપૂરે પોતાનું નિવેદન નોંધાવ્યું છે. આ દરમિયાન કરીના કપૂરે ઘણા ખુલાસા કર્યા છે. કરીનાએ બાંદ્રા પોલીસને જણાવ્યું કે, સૈફે એકલાએ જ હુમલાખોરનો સામનો કર્યો હતો. તેણે ઘરની બધી મહિલાઓને બિલ્ડિંગના ૧૨મા માળે મોકલી દીધી હતી. જો સૈફ વચ્ચે ન પડ્યો હોત તો કંઈ પણ થઈ શક્યું હોત.


કરીનાએ પોલીસને જણાવ્યું કે, પજ્યારે હુમલો થયો ત્યારે સૈફે બાળકો અને મહિલાઓને ૧૨મા માળે મોકલી દીધા હતા. સૈફે મહિલાઓ અને બાળકોને બચાવવાનો પ્રયાસ કર્યો. સૈફ વચ્ચે આવ્યો તો હુમલાખોર જહાંગીર (સૈફ-કરીનાનો નાનો પુત્ર) સુધી પહોંચી ન શક્યો. કહુમલાખોરે ઘરમાંથી કંઈ વસ્તુની ચોરી નથી કરી, પરંતુ તે ખૂબ જ આક્રમક હતો. તેણે સૈફ પર ઘણી વાર હુમલો કર્યો, હુમલા પછી હું ડરી ગઈ હતી તેથી કરિશ્મા મને તેના ઘરે લઈ ગઈ હતી.

ગુરુવારે રાત્રે બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર હુમલાખોરે છરીથી હુમલો કર્યો હતો અને તેમને ગંભીર ઈજા થઈ હતી. સૈફ અલી ખાનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે,

જ્યાં તેમની સફળ સર્જરી કરવામાં આવી હતી. ડોકટરોએ લગભગ ૬ કલાકની સર્જરી કરી અને છરીનો ૨.૫ ટુકડો કાઢી નાખ્યો હતો. ડોક્ટરોનું કહેવું છે કે જો ઘા ૨ મીમી ઊંડો હોત તો સૈફ અલી ખાનને લકવો થઈ શક્યો હોત.

# બચતખાતા – લોકર – એફડી માટે ફરજીયાત નોમિનેશન કરાવવા આદેશ

- દર ત્રણ મહિને પ્રગતિ રિપોર્ટ રજુ કરવા તાકીદ



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બેંક ખાતાઓમાં નોમીનેશન ન હોવાના કારણે સેંકડો ખાતાઓમાં હજારો કરોડનાં કોઈ દાવેદાર થતા નથી. ત્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ હવે તમામ બેંકો તથા નાણા સંસ્થાઓને ગ્રાહકોની ફીકસ્ડ ડીપોઝીટ, બચત ખાતા તથા લોકરમાં ફરજીયાત નોમીનેશન કરાવવાની સુચના આપી છે. જુના તથા નવા બન્ને ગ્રાહકોનાં ખાતાઓમાં નોમીનેશન કરાવવા તાકીદ કરી છે. રિઝર્વ બેન્કનાં ધ્યાન પર આવ્યુ છે કે, બેંકો-નાણા સંસ્થાઓના સેંકડો ખાતાઓમાં નોમિનેશન નથી આ સંજોગોમાં ખાતા ધારકનું અવસાન થાય તો નાણાં મેળવવામાં પરિવારજનો-વારસદારોને ભારે તકલીફોનો સામનો કરવો પડે છે. નોમિનેશન હોય તો સરળતાથી ખાતુ ટ્રાન્સફર થઈ શકે અને તેના નાણાં વારસદારને મળી શકે. રિઝર્વ બેન્કે જારી કરેલા પરિપત્રમાં એમ જણાવવામાં આવ્યુ છે કે, શિડયુલ કોમર્સીયલ બેંક, અર્બન કો-ઓપરેટીવ બેંક તથા ડીપોઝીટ મેળવતી નોન બેંકીંગ નાણા સંસ્થાઓમાં પણ ખાતા ધારકોના નોમીનેશન મેળવવા પડશે. આ માટે ગ્રાહકોને તેના ફાયદા સમજાવવા પણ કહેવાયું છે. રિઝર્વ બેન્કે એવો પણ નિર્દેશ કર્યો છે કે, બેંકો તથા નાણા સંસ્થાઓનાં બોર્ડ ઓફ ડિરેકટર્સે નિયમીત રીતે નોમીનેશન સ્થિતિની સમીક્ષા કરવી પડશે અને ૩૧ માર્ચથી ત્રિમાસીક રીપોર્ટ પોર્ટલ પર મુકવો પડશે. ગ્રાહકોની સાનુકુળતા માટે ફોર્મમાં જ સુધારા કરવા કહેવાયું છે.

# સોમવારે અમેરિકાના પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિ

## ચાર વર્ષના ગાળા બાદ ફરી વ્હાઈટ હાઉસમાં પ્રવેશ : ૪૭માં રાષ્ટ્રપતિના શપથ પુર્વે અમેરિકામાં ભારે સુરક્ષા બંદોબસ્ત

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

વોશિંગ્ટનઅમેરિકામાં હવે નવા ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સોમવારે યોજાનારી શપથવિધિનુ કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ છે અને ચાર વર્ષના ગાળા બાદ ટ્રમ્પ ફરી દુનિયાના સૌથી શક્તિશાળી રાષ્ટ્રના પ્રમુખ બનશે.

૪૦ વર્ષ બાદ અમેરિકામાં પ્રમુખની શપથવિધિના સ્થળમાં ફેરફાર કરાયા છે અને ભીષણ ઠંડીના કારણે હવે શપથવિધિ જે કેપીટલ હીલ (સંસદભવન)ના નેશનલ મોલ તરીકે ઓળખાતા ખુલ્લા સ્થળ પર થાય છે તેના બદલે સંસદભવનની અંદર થશે. ટ્રમ્પે પોતાના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ ટ્રથમાં આ માહિતી આપતા કહ્યું હતું.

વોશિંગ્ટન ડીસી (રાજધાની)નું તાપમાન રેકર્ડ સ્તરે નીચુ જઈ શકે છે. દેશના માર્કટીક વાવાઝોડુ પણ ફુંકાઈ રહ્યુ છે અને તેનાથી શપથવિધિમાં હાજર રહેલા લોકોને પરેશાની થાય તેવું હું ઈચ્છતો નથી અને તેની શપથવિધિ સમારોહ કેપીટલ હીલના મુખ્ય બેડમાં યોજાશે.

અગાઉ ૧૯૮૫માં આ જ પ્રકારની સ્થિતિના કારણે રોનાલ્ડ રીગનનો શપથવિધિ સમારોહ કેપીટલ રોટુન્ડામાં યોજાયો હતો અને તેનુ જીવંત પ્રસારણ અનેક સ્થળો પર થયુ હતું.

આ ઉપરાંત પ્રમુખ પોતાની શપથવિધિમાં બે બાઈબલનો ઉપયોગ કરશે. એક બાઈબલ ડોનાલ્ડ ટ્રમ્પને તેના માતાએ આપ્યુ હતું. ૧૯૫૫માં ટ્રમ્પે ન્યુયોર્કના જમૈકા સ્થિત સન્ડે ચર્ચ સ્કુલમાં તેમનું ગ્રેજયુએશન પુરૂ કર્યુ તે સમયે તેના માતાએ આ બાઈબલ ભેટ આપ્યુ હતુ.

તો બીજુ બાઈબલનો પુર્વ પ્રમુખ અબ્રાહમ લીંકન પોતાના શપથવિધિમાં ઉપયોગ કર્યો હતો. તે બાદ આ બાઈબલનો પ્રમુખની શપથવિધિમાં ફકત ત્રણ વખત ઉપયોગ થયો છે. અગાઉ પુર્વ પ્રમુખ બારાક ઓબામાએ પોતાની બન્ને ટર્મમાં આ બાઈબલ પર શપથ લીધા હતા અને ત્રીજી વખત ડોનાલ્ડ ટ્રમ્પે તેના ૨૦૧૭ની ટર્મમાં શપથ લીધા હતા.જો કે ઉપપ્રમુખ જે.ડી.વેન્સ પક્ષના પારિવારિક બાઈબલ પર શપથ લેશે. આ બાઈબલ તેમના નાનીએ તેમના માતાને આપ્યુ હતું અને ૨૦૦૩માં તેના માતાએ જે.ડી.વેન્સ જયારે અમેરિકી સૈન્યના મરીન કોપ્ર્સમાં ભરતી થવા જઈ રહ્યા હતા તે સમયે આપ્યુ હતું.ટ્રમ્પની શપથવિધિ પુર્વે અમેરિકા અને ખાસ કરીને વોશિંગ્ટન સહિતના મહત્વના મહાનગરોમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત લાદવામાં આવ્યો છે. હાલમાંજ અહી જે રીતે ટ્રક-ટેરર હુમલો થયો તેવી સ્થિતિ ફરી બને નહી તે જોવા માટે તંત્રએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે.



# કચ્છ - સૌરાષ્ટ્રમાં ઠંડી ઘટી : રાજકોટ - જુનાગઢમાં ધુમ્મસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે ઠંડીના પ્રમાણમાં ઘટાડો થયો છે. જોકે રાજકોટ સહિતના શહેરોમાં સવારે ઝાકળવર્ષા થતા આહલાદક દ્રશ્યો સર્જાયા હતા. કચ્છના નલીયામાં આજે ૮.૬ ડિગ્રી તાપમાન હતું. રાજકોટમાં ૧૨.૪, અમરેલી ૧૪.૨, ભાવનગર ૧૫.૮, ભુજ ૧૨.૪, પોરબંદરમાં ૧૨.૮ ડિગ્રી પર પારો હતો જયારે ડીસામાં ૧૨.૮, અમદાવાદ ૧૬, વડોદરા ૧૬.૨, દ્વારકામાં ૧૬.૨, વેરાવળમાં ૧૭ ડિગ્રી ન્યુનતમ તાપમાન હતું.

છેલ્લા ૬ દિવસોથી તાપમાનનો પારો સતત ગગડતા હીમભર્યુ વાતાવરણ વચ્ચે લોકોમાં ઘરમાંથી કામ વગર નીકળવાનું માંડી વાળ્યું હતું. ગઈકાલે ઠંડીનો પારો ૧૧.૩ હતો તે આજે સવારે વધારો થઈને ૧૨.૯ ડિગ્રીએ ઉંચો પહોંચી જતા ઠંડી ઘટવા પામી છે. મહતમ તાપમાન ૧૪.૬ ડિગ્રીએ નોંધાતા ધીમે ધીમે ઠંડી ઘટવાની શરૂઆત થઈ રહી છે.

વાતાવરણમાં ભેજ વધીને ૮૯ ટકા નોંધાતા વહેલી સવારે ઝાકળ જોવા મળી હતી. પવનની ગતિ ગઈકાલે ૧૦.૩ પ્રતિ કલાક કિ.મી. હતી તે આજે પવનની ગતિ ઘટીને ૪.૮ પ્રતિ કલાક કિ.મી. નોંધાઈ છે. ઠંડો પવનની ગતિ ઘટતા ઠંડીમાં લોકોએ આજે થોડી રાહત અનુભવી હતી.

જામનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તામપાનમાં ૨.૫ ડિગ્રી ઉચાઈને ૧૫.૫ ડિગ્રી પહોંચતા ઠડીમાં આંશિક ઘટાડો થયો હતો.સતત બીજા દિવસે પવનની ગતિ પ્રતિકલાક ૯.૧ કિમિ રહી હતી. આજે પવનનું જોર વધતા વાતાવરણમાં ઠાર સાથે ઠંડક રહી છે.



આજે શહેરમાં લઘુતમ તાપમાન ૧૫.૫ ડિગ્રી નોંધાયું છે. સવારે હવામાં ભેજનું પ્રમાણ ૬૧ ટકા રહેવા પામેલ અને પ્રતિ કલાક ૯.૧ કિલોમીટરની ઝડપે પવન ફુંકાયો હતો.

જો કે બપોરે પવનની રફતાર ઘટી જાય છે. છતાં પણ વાતાવરણમાં ઠંડક યથાવત રહેતા નગરજનોને આખો દિવસ ગરમવસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી. શહેરનું મહતમ તાપમાન ૨૫.૫ ડિગ્રી નોંધાયું હતું.

# એક મહિનામાં બટેટા, ટમેટા તથા ડુંગળીની કિંમતમાં સરેરાશ ૩૧ ટકાનો ઘટાડો

## કેન્દ્ર સરકારનો રિપોર્ટ : એક માત્ર ખાદ્યતેલોમાં કોઈ રાહત ન મળી : ફુગાવો ઘટતા રિઝર્વ બેંક વ્યાજદરમાં કાપ મુકી શકે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

શાકભાજીથી માંડીને અનાજ-કઠોળ સહિતની ચીજોના ઉંચા ભાવના ઉહાપોહ વચ્ચે હવે રાહત થવા લાગી હોય તેમ છેલ્લા એક મહિનામાં બટેટા, ટમેટા તથા ડુંગળીની કિંમતમાં સરેરાશ ૩૧ ટકાનો ઘટાડો થયો છે. આ સંજોગોમાં ફુગાવો નીચો આવવા સાથે રિઝર્વ બેંક આવતા મહિનામાં વ્યાજદરમાં ઘટાડો જાહેર કરી શકે છે.

કેન્દ્રના નાગરિક બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા રિપોર્ટ પ્રમાણે બટેટાની કિંમત એક મહિનામાં કિલોના રૂા.૩૭થી ઘટીને ૩૦ થઈ ગઈ છે. ડુંગળીનો ભાવ રૂા.૫૧થી૩૦ ટકા ઘટીને રૂા.૩૯ થયો છે. જયારે ટમેટાનો ભાવ ૪૫ રૂપિયાથી ૩૧ ટકા ઘટીને કિલોના રૂા.૩૧ના સ્તરે આવી ગયો છે.

શાકભાજી સિવાયની અન્ય ખાદ્યચીજોના ભાવોમાં પણ ઘટાડો છે. ચોખાનો ભાવ રૂા.૪૩.૩૫ થી ઘટીને ૪૨.૭૮ થયો છે. ચણાદાળનો રીટેઈલ ભાવ રૂા.૯૪.૧૬થી ઘટીને રૂા.૯૨.૬૩ થયો છે. તુવેરદાળનો ભાવ રૂા.૧૫૮.૬૦ થી ઘટીને ૧૫૨.૬૪, અડદદાળનો ભાવ રૂા.૧૨૪.૦૭થી ઘટીને ૧૨૩.૨૮ તથા મગદાળનો ભાવ રૂા.૧૧૪.૩૦ થી ઘટીને ૧૧૩.૧૮ નોંધાયો છે.શિયાળામાં હવામાન લગભગ એક સમાન રહ્યુ હોવાના કારણોસર શાકભાજીને કોઈ નુકશાન થયુ નથી. સારૂ ઉત્પાદન આવતા ભાવો ઘટી ગયા છે. લીલા શાકભાજીના ભાવમાં મોટો ઘટાડો થયો છે. કોબીજનો ભાવ ૧૦ રૂપિયા કિલો થઈ ગયો છે. પાલકના રૂા.૧૫ તથા વટાણાના ૫૦ રૂપિયા થઈ ગયા છે. ગાજર, મુળા, મેથી સહિતના લીલા શાકભાજી ૧૫થી૨૫ રૂપિયાની રેન્જમાં આવી ગયા છે.



કેન્દ્રના ખાદ્ય મંત્રાલય દ્વારા એમ કહેવાયુ છે કે, આવશ્યક તથા ખાદ્યચીજોમાં અસામાન્ય ભાવવધારો ન થાય અને સપ્લાય સરળ રહે તે માટે સરકાર સતત દેખરેખ રાખે છે અને તેના આધારે આયાત-નિકાસમાં પ્રોત્સાહન જાહેર કરવામાં આવે છે.

# કન્યાઓને ભણતર અને ઘડતરના પાઠ શીખવનાર સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલનો ૯૦મો સ્થાપના દિવસ ઉજવાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર યુવરાજ અને ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અજયસિંહજી જાડેજાએ વિવિધ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરેલ શાળાની વિદ્યાર્થીનીઓને સન્માનિત કરી શિક્ષણનું મહત્વ સમજાવ્યુ.જામનગર, સમગ્ર વિશ્વના શિક્ષણક્ષેત્રે ક્રાંતિ લાવનાર ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણજીએ યથાર્થ કહ્યું છે કે,સ્ર્સ્ર ઉંચો ધ્યેય પહેલી સિદ્ધિ, અતૂટ શ્રદ્ધા બીજી સિદ્ધિ, પ્રયત્નશીલ રહેવું ત્રીજી સિદ્ધિ અને શક્તિનો ઉપયોગ કરવો એ ચોથી સિદ્ધિ.સ્ર્સ્ર ઉપરોક્ત વિચારસરણીને વરેલી જામનગર જિલ્લાની સરકારી શાળા પૈકી ઐતિહાસિક વારસો ધરાવતી તેમજ દાયકાઓથી સૌરાષ્ટ્રભરની કન્યાઓના ભણતર, ગણતર અને ઘડતરને પ્રોત્સાહન આપનારી અને રાજાશાહી વારસાની પ્રતીક તેમજ કન્યા કેળવણીના વિરાટ વટવૃક્ષ સમાન માતૃ સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ, ૯૦માં સ્થાપના દિવસની ઉત્સાહ અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી.તા.૧૨ જાન્યુઆરી ૧૯૩૬ ના રોજ નવાનગર સ્ટેટના રાજવી જામ દિગ્વિજયસિંહજીના વરદ હસ્તે પ્રારંભ કરવામાં આવેલ શાળાની આ ઉજવણીમાં વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાનો ઈતિહાસ અને સ્વામી વિવેકાનંદ વિશે વક્તવ્ય, શિવ તાંડવ નૃત્ય, હેલ્લારો નૃત્ય તેમજ ઉત્કૃષ્ટ રીતે સ્વ રચિત કાવ્ય પઠન રજૂ કરવામાં આવ્યા હતા.પ્રાસંગિક ઉદબોધન દરમિયાન શાળાના આચાર્યા બીનાબેન દ્વારા શાળાની આગાવી સિદ્ધિ અને માહિતી રજૂ કરવામાં આવી હતી જ્યારે જિલ્લા શિક્ષણાધિકારી વિપુલ મહેતા દ્વારા શિક્ષણની ચિંતનાત્મક વાત રજૂ કરવામાં આવેલ.સાથોસાથ જામનગર



યુવરાજ અજયસિંહજી જાડેજાએ વિદ્યાર્થીનીઓને શિક્ષણનું મહત્વ અને શાળાનું મહત્વ સમજાવી આગળ અભ્યાસ ક્ષેત્રે પ્રગતિ કરે તેવી પ્રેરણા આપી હતી.અને વિદ્યાર્થીનીઓ પોતાની કારકિર્દી ઉત્તમ બનાવી સફળ થાય અને પોતાના માતા-પિતા, કુટુંબ, સમાજ, શાળા તેમજ જામનગરનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.કાર્યક્રમમાં ધો.૯ થી ૧૨ માં સામાન્ય અને સાયન્સ પ્રવાહમાં એક થી ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓને તેમજ ખેલ મહાકુંભ અને વિવિધ રમતગમત સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્યકક્ષાએ સ્થાન મેળવનાર, કલા મહાકુંભ, કલા મહોત્સવ, ગણિત વિજ્ઞાન પ્રદર્શન, શાળાકીય વિવિધ વકૃત્વ, નિબંધ, સંગીત સહ ગાયન, સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ઉપરાંત શાળાની વિવિધ સમિતિઓનું ઈનામો આપી મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

જામનગર શહેરના પ્રાચીન વારસા અને વૈભવના પ્રતીક સમાન કન્યા કેળવણી આપતી શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે નવાનગર સ્ટેટના યુવરાજ અને પૂર્વ ક્રિકેટર અજય જાડેજા, અતિથિ વિશેષ તરીકે જિલ્લા શિક્ષણાધિકારી વિપુલભાઈ મહેતા, શાળાના વય નિવૃત ગુરૂજનો, શાળાના આચાર્યા, શાળાનો સ્ટાફ પરિવાર અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સર્વે સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીનીઓ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.

# ૪.૨૫ લાખના રોકાણ સામે દૈનિક ૪૦૦૦ વળતરની લાલચ આપી ૧૨ રોકાણકારો સાથે ૭૧ લાખની ઠગાઈ

## રાજકોટના રોકાણકારોની પોલીસમાં અરજી : સુરતની જેમ ગુનો નોંધવા માંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના બરકતીનગરમાં રહેતા અને એજન્સી ચલાવતા મોહસીનભાઈ રસીદભાઈ મૂલતાણીએ બ્લોક ઓરા કંપની,અંકલેશ્વર રહેતા કંપનીના ફાઉન્ડર ફિરોઝ દિલાવરભાઈ મુલતાની, મેનેજર-પાર્ટનર નીતિન જગ્યાની, સૌરાષ્ટ્ર હેડ અમિત મનુભાઈ મુલતાની, માર્કેટિંગ હેડ અઝરૂદીન સતારભાઈ મુલતાની અને ગુજરાત હેડ મકસુદભાઈ સૈયદ સામે તાલુકા પોલીસમાં કરેલી અરજીમાં જણાવ્યું હતું કે લીંબડી જ્ઞાતિના સંમેલનમાં ગયા ત્યાં ફિરોઝ સાથે પરિચય થતા છ લોકો રાજકોટ આવ્યા હતા અને બ્લેકઓરા કંપનીના રોકાણની વાત કરી હતી કે તેમણે ઝઈઅઈ ક્રિપ્ટો કરન્સી લોન્ચ કરી છે જેમાં ૪.૨૫ લાખના રોકાણ સામે દૈનિક ૪ હજાર વળતર મળશે અને ભવિષ્યમાં તેનો ભાવ ૩૦૦ ડોલર થઈ જશે તો કરોડો રૂપિયાનો નફો થશે જેથી પોતે ૧૩ લાખનું, રાજકોટના જ અન્ય ૧૧ રોકાણકારો રજાકભાઈએ ૩.૨૫ લાખનું, સોહિલ ભટ્ટીએ ૫.૨૫ લાખનું. સાહિલ મુલતાનીએ ૩.૫૦ લાખનું, રીયાઝ મુલતાનીએ ૫ લાખનું. રીયાઝ ભટ્ટીએ ૮ લાખનું, જાવેદ મુલતાનીએ ૪.૨૫ લાખનું, કમલેશ ખેરએ ૫ લાખનું. મનીષ લશ્કરીએ ૫.૫૦ લાખનું. રહીમ જામએ ૮.૫૦ લાખનું. સરફરાજ મોગલએ ૫ લાખનું અને સાવન મુલતાનીએ ૪.૯૨ લાખનું રોકાણ કર્યું હતું.




આ ટોળકી રોકાણકારોને ફસાવવા હાઈફાઈ હોટલોમાં મીટીંગ કરતા અને અન્ય લોકોને ઓનલાઈન જોડતા હતા બે વર્ષ સુધી કોઈ વળતર નહિ મળતા સંપર્ક કરતા ટુક સમયમાં કરન્સી લોન્ચ થાય છે એટલે સારું વળતર મળશે તેવી બાહેંધરી આપી હતી બાદમાં પૈસા વિડ્રો થતા ન હોય જેથી છેતરપીંડીનો ભોગ બન્યા હોય સુરતમાં છઠ્ઠા મહિનામાં પોલીસ ફરિયાદ નોંધાઈ હોય રાજકોટ પોલીસમાં અરજી કરી ગુનો નોંધવા માંગ ઉચ્ચારી છે.

# જામનગરના કાર્યક્રમની ભડકાઉ પોસ્ટના વિવાદમાં FIR રદ કરવાની કોંગી સાંસદની અરજી ફગાવતી હાઈકોર્ટ

## સાંસદ ઈમરાન પ્રતાપગઢી પોલીસ સમક્ષ હાજર થતા ન હોવાના મામલે પણ અદાલત દ્વારા ટીકા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં ગત વર્ષે એક સંસ્થા દ્વારા આયોજિત સમૂહ લગ્ન પ્રસંગમાં કોંગ્રેસના મહારાષ્ટ્રના રાજ્ય સભાના સાંસદ અને કવિ ઈમરાન પ્રતાપગઢી દ્વારા હાજરી આપ્યા બાદ તેનો વિડીયો સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને બેકગ્રાઉન્ડમાં કથિત ભડકાઉ શાયરી મૂકવાના કેસમાં જામનગરના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગત ડિસેમ્બર મહિનામાં નોંધાયેલી પોલીસ ફરિયાદ રદ કરવાનો ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ સંદીપ ભટ્ટ દ્વારા ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, સાંસદ અને કવિ હોવાની સાથે સાથે ટ્રાન્સપોર્ટ, ટુરીઝમ અને કલ્ચરની સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય અને લઘુમતી બાબતોના મંત્રાલય માટેની કોન્સ્યુલેટીવ કમીટીના પણ સભ્ય છે. અરજદાર ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમીટીના માઈનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન પણ છે.

મહારાષ્ટ્રના રાજયસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢી વિરુધ્ધ નોંધાયેલી ફરિયાદ રદબાતલ ઠરાવવા આરોપી સાંસદ દ્વારા પિટિશન કરવામાં આવી હતી. ઈમરાન પ્રતાપગઢી દ્વારા કરાયેલી ક્વોશીંગ પિટિશનમાં રજૂઆત કરાઈ હતી કે, ગત તા.૨૯-૧૨-૨૦૨૪ના રોજ જામનગરમાં અલ્તાફ ગફારભાઈ ખફીના જન્મદિન નિમિતની ઉજવણી અનુસંધાનમાં સુન્ની મુસ્લિમ્સ દ્વારા સામૂહ લગ્નનો પ્રસંગ યોજાયો હતો.

જેમાં પોતે પણ હાજરી આપી હતી. જો કે, બાદમાં તા.૨-૧-૨૦૨૫ના રોજ અરજદાર તરફથી સોશ્યલ મીડિયામાં ઉપરોક્ત ઈવેન્ટના સંદર્ભમાં એક્સ- એકાઉન્ટ હેન્ડલ પર તેમણે એક વીડિયો બેકગ્રાઉન્ડમાં મૂક્યો હતો.



જે ઉશ્કેરણીજનક અને કોમી વૈમનસ્ય જન્માવતો હોવાનો વાંધો ઉઠાવી તેમની વિરુધ્ધમાં જામનગર એ-ડિવીઝન પોલીસમથકમાં એફઆઈઆર નોંધાઈ હતી. જો કે, અરજદારે એવા કોઈ જ ઈરાદા સાથે આ વીડિયો પોસ્ટ કર્યો નહતો તેમછતાં તેમની વિરુધ્ધ ખોટી રીતે ફરિયાદ નોંધાઈ હોઈ તે રદબાતલ ઠરાવવી જોઈએ. દરમ્યાન રાજયસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢીની ક્વોશીંગ પિટિશનનો વિરોધ કરતાં રાજય સરકારે અદાલતનું ધ્યાન દોરતાં જણાવ્યું કે, અરજદારે વિવાદીત ઉશ્કેરણીજનક અને ભડકાઉ વીડિયો ઉપરોક્ત પ્રસંગ અનુસંધાનમાં અપલોડ કર્યો હતો. જેનાથી કોમ-કોમ વચ્ચે કોમી એખલાસની ભાવના જોખમાય અને શાંતિનું વાતાવરણ ડહોળાય તે પ્રકારની આ પ્રવૃત્તિ છે.

# હળવદ ખાતે એસ.ટીના વિભાગીય નિયામક દ્વારા એસ.ટી ને લગતા પ્રશ્નો અંગે બેઠક યોજાઈ

## સાંસદ ચંદુભાઈ શિહોરા અને ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરાના પ્રયત્નથી બેઠકનું આયોજન થયું

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદ એ પ્રગતિશીલ તાલુકો છે હળવદ માં વસ્તી પણ દિન પ્રતિદિન વધતી જાય છે અને ધંધા વ્યાપાર અને અડખઈ પણ પ્રગતિ ની એક નવી ઊંચાઈ સર કરી રહ્યુ છે અને ખેતી ક્ષેત્રે પણ હળવદ અવ્વલ છે ત્યારે હળવદ ગુજરાત અને બીજા રાજ્યો માંથી ખેત મજુરો અને અન્ય શ્રમજીવીઓ ખુબ મોટી સંખ્યા માં આવે છે ત્યારે હળવદ થી અન્ય શહેરો માં આવવા તથા જવા માટે ની કનેક્ટિવિટી સરલતા થી ઉપલબ્ધ થાય તથા હળવદ તાલુકા ના મુસાફરો ની સુવિધાઓ માં વધારો થાય તેવા શુભ આશય થી સાંસદ ચંદુભાઈ શિહોરા અને ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા ની સૂચના મુજબ હળવદ ખાતે એસ.ટી નિગમ ના રાજકોટ વિભાગ ના વિભાગીય નિયામક કાલોત્રા સાહેબ દ્વારા હળવદ ના વેપારી આગેવાનો અને સામાજિક રાજકીય આગેવાનો સાથે બેઠક યોજી હતી જેમાં અનેકવિધ લોક હિત ના પ્રશ્નો સાંભળવામાં આવ્યા હતા અને તે પ્રશ્નો નું સત્વરે નિરાકરણ થાય તે માટે ઘટતી કાર્યવાહી કરવા વિભાગ ના અધિકારી દ્વારા કટિબદ્ધતા દર્શાવી હતી લોક પ્રશ્નો માં આ મુજબ ના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા હળવદ સરા ચોકડીથી બપોર પછી ભૂજ બાજુની મોટા ભાગની બસો બાયપાસ જાય છે જે ચોકડી બાયપાસ જતી બસો બસ સ્ટેન્ડથી જાય તેમ કરવું. મોરબી - સૂરત , ભૂજ - સૂરત, ભૂજ - વડોદરા લક્સરી, એક્સપ્રેસ બસ હળવદ બસ સ્ટેન્ડ નથી આવતી તે બસો બસ સ્ટેન્ડ થઈને જાઈ, મોટા ધાર્મિક સ્થળે જવાય તે માટે હળવદ થી સોમનાથ, હળવદ થી દ્વારકા અને હળવદ થી અમરેલી બસ શરૂ કરવામા આવે , રાજકોટ જવા



માટે સવારે બસ ગયા પછી એક પણ બસ નથી. ૧૨ વાગેની બપોરે હળવદ થી રાજકોટ વાયા મોરબી બસ ચાલુ કરવી, બપોર ૧૧.૦૦ વાગે મોરબી બસ ગયા પછી ૧૨.૪૫ બસ આવે છે એટલે વચ્ચે ના સમય માં લોકલ બસ ચાલુ કરવી જેના કારણે ગામડાંના લોકો અને વિધાર્થી ભાઈ બહેનો ને પણ સુવિધા મલે , વાંકાનેર -રાજકોટ સવારે જતી બસ અને રાજકોટ - મોરબી- ધ્રાંગધ્રા જે રાજકોટ થી રાત્રે ૦૮.૩૦ ઉપડે તે પણ ચાલુ રાખવી , હળવદ બસ સ્ટેન્ડ માં સીસીટીવી કેમેરા અને સિક્યુરિટી ગાર્ડ મૂકવા , પાર્કિંગ સુવિધા ઉપલબ્ધ કરાવવી , ચોકડી ખાતે પિકઅપ સ્ટેન્ડ નું નિર્માણ કરવું , દેવિપુર ગામ ને બસ નો સ્ટોપ આપવો , ચરાડવા - ઈશ્વરનગર વિદ્યાર્થીઓ માટે નવો રૂટ શરૂ કરવો, ગ્રામ્ય વિસ્તાર માં નવા બસ રૂટ શરૂ કરવા સહિત અનેક લોક પ્રશ્નો ની રજૂઆત કરવામાં આવી હતી જેમાં શક્ય તેટલા પ્રશ્નો નું નિરાકરણ લાવવા અધિકારીશ્રી દ્વારા કટિબદ્ધતા દાખવી હતી અત્રે ઉલ્લેખનીય છે કે હળવદ માં સૌ પ્રથમ વખત આ પ્રકારે એસ.ટી વિભાગ ના ઉચ્ચ અધિકારી દ્વારા બેઠક યોજી અને લોક ના પ્રશ્નો ને વાચા આપી છે.

# મોરબીમાં અગાઉ થયેલ બોલાચાલીનું મનદુઃખ રાખી આધેડને ધારીયું માથામાં ઝીંક્યુ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ત્રાજપર ખારી વિસ્તારમાં રહેતા આધેડને અગાઉ પાડોશી સાથે ગાળો બોલવા બાબતે બોલાચાલી થઈ હોય જેનો ખાર રાખી પાડોશી બે સગા ભાઈઓ દ્વારા આધેડને રસ્તામાં રોકી ગાળો આપી લોખંડના પાઈપ તથા ધારીયા વડે માથામાં માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી બંને ભાઈઓ સ્થળ ઉપરથી ચાલ્યા ગયા હતા. ત્યારે સમગ્ર બનાવ બાદ સારવાર પૂર્ણ થયે આધેડે બી ડિવિઝન પોલીસ મથકમાં બંને આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

મોરબીના સામાકાંઠે આવેલ ત્રાજપર ખારી વિસ્તારમાં રહેતા રમેશભાઈ બાબુભાઇ સાતોલા ઉવ.૪૬ ને આજથી બારેક મહિના પહેલા ત્રાજપર ખારીમાં રહેતા આરોપીઓ મહેશ ઉર્ફે મટો અમરશીભાઈ વરાણીયા અને રાજેશ અમરશીભાઈ વરાણીયા સાથે ગાળો બોલવા બાબતે બોલાચાલી થઈ હોય ત્યારે ગત તા.૧૪/૦૧ના રોજ રમેશભાઈ માતાજીના મંદિરે દર્શન કરીને પોતાના ઘર તરફ આવતા હોય ત્યારે ત્રાજપર ખારીના ચોરા પાસે બંને આરોપીઓ ઉભા હોય અને કોઈપણ કારણો કર વાંક વિના બંને ભાઈઓ રમેશભાઈને ગાળો આપી ધારીયાનો એક ઘા માથામાં ઝીંકી દીધો હોય જયારે અન્ય આરોપીએ લોખંડના પાઈપ વડે માર મારતા દેકારો થતા ત્યાં બાજુમાં રહેતા રમેશભાઈના સગા વ્હાલાઓએ વધુ મારથી છોડાવેલ ત્યારે જતા જતા બંને ભાઈઓએ જાનથી મારી નાખવાની ધમકી આપીને ચાલ્યા ગયા હતા. રમેશભાઈને લોહી લુહાણ હાલતમાં સારવાર અર્થે ૧૦૮ મારફત મોરબી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ હોસ્પિટલમાંથી રમેશભાઈને રજા આપતા તેઓએ બી ડિવિઝન પોલીસ મથકમાં આવી બંને આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

# મોરબીમાં તેરા તુઝકો અર્પણ અંતર્ગત ૨૭ મોબાઈલ મૂળ માલિકને પરત કરતી એ ડિવિઝન પોલીસ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા અરજદારોના ખોવાયેલ કે ચોરાયેલ ૨૭ જેટલા મોબાઈલ ફોન ઈઊઈછ પોર્ટલના ઉપયોગથી શોધી કાઢી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત તમામ અરજદારોને પોલીસ મથકે બોલાવી પરત કરવામાં આવ્યા છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને મોરબી સીટી એ ડિવિઝન પીઆઈ એચ.એ.જાડેજાના સુપરવિઝન હેઠળ અરજદારોના ખોવાયેલ/ ચોરાયેલ મોબાઈલ શોધી કાઢવા સુચના કરેલ હોય જેથી સર્વેલન્સ ટીમના એ.એસ.આઈ રાજદીપસિંહ રાણાએ CEIRપોર્ટલનો ઉપયોગ કરી CEIRમા એંટ્રી કરી સતત




મોનીટરીંગ રાખી ટેકનીકલ વર્ક આઉટ કરી અરજદારોના ૨૭ જેટલા મોબાઈલ કિ..રૂ.૫,૦૨,૩૬૨/- ના શોધી કાઢવામાં સફળ થયા હતા, ત્યારે તમામ અરજદારોને સીટી એ ડિવિઝન પોલીસ મથકે એકસાથે બોલાવી તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ હેઠળ મોબાઈલ મૂળ માલીકને પરત આપી સુરક્ષા સાથે સેવાનુ ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે એ સુત્ર મોરબી સીટી એ ડીવીજન પોલીસે સાર્થક કરેલ છે.

# ભિમોરા ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે યોજાયો કેરિયર કાઉન્સેલિંગ અને ગાઈડલાઈન સેમિનાર

## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ૫૦૪ વિદ્યાર્થીઓને અપાયું માર્ગદર્શન

(અહેવાલ : મોહસીનખાન ડી. પઠાણ)

બી.આર.સી. ભવન ચોટીલા દ્વારા ચોટીલા તાલુકાના ભીમોરા ગામમાં આવેલ ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ ૯ થી ૧૨ ધોરણ સુધી અભ્યાસ કરતા ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, આશ્રમ શાળા ભિમોરામાં અભ્યાસ કરતા ૫૦૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેને ચોટીલા બી.આર.સી. કો-ઓર્ડીનેટર પ્રકાશભાઈ પરમાર, સી.આર.સી ભિમોરા ગૌતમભાઈ, સી.આર.સી મોટી મોલડી જીતુભાઈ, બી.આર.પી. રમેશભાઈ અને અશોકભાઈએ વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં અલગ અલગ ક્ષેત્રે કેમ આગળ



વધવું ક્યાં પ્રોફેશન માટે કયો કોર્સ પસંદ કરવો અને કેવી રીતે તૈયારી કરવી અને સરકારની વિવિધ યોજનાઓ વડે કેવી રીતે આર્થિક લાભ લઈ શકાય તે બાબતનું વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. આ તકે જીલ્લા રોજગાર વિનિમય કચેરી સુરેન્દ્રનગરથી વૈશાલીબેન અને સુરેશભાઈ ખાસ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ઉત્તર બુનિયાદી કન્યા શાળાના જાગૃતિબેન અને ઉત્તર બુનિયાદી કુમાર શાળાના આચાર્ય આશિષભાઈ મકવાણા સહિત શાળાના શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી.

# ઉનાના મહિલા તબીબને બ્લેકમેઈલ કરનાર ૪ શખસોને ઝડપી લેતી પોલીસ

## બિભત્સ વિડીયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી પૈસા પડાવવાનો પ્લાન હતા

**મુખ્ય સમાચાર,ઉના**

ઉનાના મહિલા તબીબનો બિભત્સ વિડીયો મોબાઈલમા ઉતારી વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરનાર ત્રણ શખસો સામે ઉના પોલીસે ગુન્હો નોંધ્યો હતો. જેમા મહિલા અને પુરૂષની અંગત પળોનો વિડીયો ઉતારી તોડબાજ શખસને વિડીયો આપનાર ત્રણ શખસોને પોલીસે ઝડપી લેતા સમગ્ર કેસમા ૬ આરોપીનો સમાવેશ થયો છે. જેમા ચાર આરોપીઓ પોલીસે પકડી પાડ્યા છે હજુ બે ફરાર છે.

પુના પોલીસ સ્ટેશનમાં દફ્તરે અગાઉ નોંધાયેલ બિભત્સ વિડીયો ઉતારી મહિલા તબીબને બ્લેકમેઈલ કરવાના ગુનામા નાસતા ફરતા આરોપીની તપાસ ચાલુ હતી જેના રહેઠાણ અને સગાસંબંધીઓને ત્યાં તપાસ કરતા આરોપી મણીરાજ ચાંદોરાનો સાથીદાર નાળીયેરી




માંડવીના મહમદ હુસેન ઉર્ફે મમલી રફીકભાઈ સોરઠીયાની પૂછપરછ કરતા તેના મિત્રો દ્વારા ઉનાના અલ્તમસ્ત રફી કુરેશી તેમજ સાહિલ મનસુખભઈ મન્સુરી મહિલા અને પુરુષના વિડિયો ખાનગી રીતે ઉતારીને મણીરાજને આપેલ અને તે વિડીયોને લઈને મહિલા પાસે મણીરાજ અને તેની પત્ની પૈસા પડાવવા ધમકી આપી હતી અને પૈસા ન આપતા યુટયુબ ચેનલ દ્વારા તેમણે વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હતી.

હાલ આ ગુનાના ચાર ઈસમને ઉના પોલીસે ધરપકડ કરી છે અને મણીરાજ ચાંદોરા અને તેની પત્ની કાવ્યા હજુ સુધી પોલીસની પકડની બહાર છે. જૂનાગઢના મનીષ ડાકીને ૧૦ દિવસ પહેલા પોલીસે ઝડપી લીધો હતો. પોલીસે મહમદ હુસેન ઉર્ફે મમલો રફીકભાઈ સોરઠીયા, અલ્તમસ રફીકભાઈ કુરેશી, સાહીલ મન્સુરભાઈ મન્સુરીને પોલીસે ઝડપી લીધા છે.

# ઓછા માર્ક્સ આવતા માતા-પિતાએ ઠપકો આપ્યો, ૧૪ વર્ષીય વિદ્યાર્થી જેતપુરથી ચોટીલા પહોંચી ગયો

## વિદ્યાર્થી ઈન્સ્ટાગ્રામમાં મિત્રો જોડે ચેટમાં વાત કરતો હોવાથી પોલીસે બસ ટ્રેક કરી, જાગૃત નાગરિકની મદદથી નિર્ભયને શોધી લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પરીક્ષામાં ઓછા માર્ક્સ આવતા માતા-પિતાએ ઠપકો આપતા ૧૪ વર્ષીય વિદ્યાર્થી જેતપુરથી ચોટીલા પહોંચી ગયો હતો. નિર્ભયને ધો.૧૦ની પ્રાથમિક કસોટીમાં ઓછા માર્ક્સ આવ્યા હતા. સ્કૂલમાંથી વાલીને જાણ કરતા ઘરેથી ખિજાયા હતા. જેથી તે સ્કૂલે જવાનાં બદલે બસમાં બેસી નીકળી ગયો હતો. વિદ્યાર્થી પાસે મોબાઈલ ફોન હોય અને તે મિત્રો જોડે ચેટમાં વાત કરતો હોવાથી પોલીસે બસ ટ્રેક કરી, જાગૃત નાગરિકની મદદથી નિર્ભયનેં શોધી લીધો હતો.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, ગત રોજ સવારે જેતપુરના ટાકુડીપરા વિસ્તારમાં રહેતા રાજેશભાઈ શામજીભાઈ બારૈયા તેમની પત્ની અને અન્ય પરીવારના સભ્યો જેતપુર સિટી પોલીસ મથકે આવેલ અને જણાવેલ કે તેમનો ૧૪ વર્ષનો દીકરો નિર્ભય વહેલી સવારના સાતેક વાગ્યે સ્કુલે જવાનું કહી નીકળી ગયેલ છે અને સ્કુલનો સમય પુર્ણ થયે પરત ઘરે આવેલ નથી. પોલીસે તુરંત જ અલગ-અલગ ટીમો બનાવી રવાના કરેલ. નિર્ભય જે સ્કુલમાં અભ્યાસ કરે છે તે વિવેકાનંદ સ્કુલ ખાતે તપાસ કરતા જાણવ મળેલ કે તે સ્કુલે પહોંચ્યો જ નહોતો. જેથી પરિવારની ચિંતા વધી ગઈ હતી. પોલીસે તુરંત અનેક સીસીટીવી કેમેરા તપાસ કર્યા. જેમાં નિર્ભય જેતપુર તીનબત્તી ચોકથી પ્રાઈવેટ બસમાં બેસી, રાજકોટ ગયેલ છે. તેમ જણાતા ટીમ રાજકોટ પહોંચી. ત્યાં જઈ ટેક્નીકલ વર્કઆઉટ કરતા જાણવા મળેલ કે નિર્ભય અમદાવાદની બસમાં બેસેલ છે.અને તેની પાસે જે મોબાઈલ છે તેમાંથી પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ઓનલાઈન છે. મીત્રો સાથે ચેટમાં વાત કરે છે.સ્કુલના મિત્રોને યોગ્ય સમજ કરીને નિર્ભય હાલ ક્યા છે તે પુછતા તેણે સજહતાથી જણાવેલ કે, પોતે હાલ ચોટીલાથી પરત રાજકોટ બસમાં બેસીને આવે છે. બાદ નિર્ભયે જે મોબાઈલ ફોનથી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઓપન કરેલ તે મોબાઈલ ફોન ટ્રેસ



કરી નંબર મેળવેલ અને મોબાઈલ નંબર પર અમોએ ફોન કરતા એક જાગૃત નાગરીક ધ્યેયભાઈ કણજારીયા, (રહે-થાન)એ જણાવેલ કે બાળક હાલ બસમાં છે અને તેઓ પણ બસમાં તેમની સાથે સતત સંપર્કમાં રહી, બસના ડ્રાઈવર સાથે પણ વાત કરેલ અને તેઓને જણાવેલ કે બસમાંથી બાળકને ઉતરવા ન દેવુ. બાદ બસ ગ્રીનલેન્ડ ચોકડી, રાજકોટ ખાતે થોભાવી બાળકને ત્યાંથી ઉતારી લઈ પોલીસ સ્ટાફે બાળકને પોતાના કબ્જામાં લઈ લીધેલ.

નિર્ભયને ઘર છોડી ચાલ્યા જવાનું કારણ પુછતા જાણવા મળેલ કે, ધોરણ દસમાં પ્રાથમીક કસોટીમાં આગળના દીવસે સારા માર્ક્સ ન આવતા સ્કુલેથી આ બાબતે વાલીને ફોન કરવામાં આવેલ અને નિર્ભયના માતા-પિતાએ નિર્ભયને ઠપકો આપેલ અને વધુ માર્ક્સ લાવવા ખીજાયેલ. તેમજ નિર્ભયને સંગીત વિષયમાં રસ હોવાથી તે ઘર છોડી ચાલ્યો ગયેલ. બાદ નિર્ભયને સમજાવીને તેના માતા-પિતાને સોંપી આપેલ અને બાળકના માતા-પિતાને પણ સમજાવેલ કે, તેઓ બાળકને અભ્યાસમાં વધારે પડતુ દબાણ ન કરી, તેની રૂચી મુજબ સંગીત વિષયમાં આગળ વધવા પ્રોત્સાહન આપે. આ કામગીરી જેતપુર પીઆઈ એ.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.સી.પરમાર, એ.એસ.આઈ. ભાવેશભાઈ ચાવડા, હેડ કોન્સ. ચંદ્રસિંહ વસૈયા, સાગરભાઈ મકવાણા, પો.કોન્સ. શકિતસિંહ ઝાલા, લખુભા રાઠોડ, ભરતભાઈ ગમારા, સાગરભાઈ ઝાપડીયા એક જાગૃત નાગરીક ધ્યેયભાઈ કણજારીયા દ્વારા કરવામાં આવી હતી.આથી જાહેર જનતાને જેતપુર પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે, માતા-પિતાએ પોતાના બાળકોને અભ્યાસમાં તે હદ સુધી દબાણ ન કરવુ જોઈએ કે તેઓ ઘર છોડી ચાલ્યા જાય કે કોઈ અઘટીત પગલુ ભરી બેસે. બાળકોને જે વિષયમાં રસ છે.

# વિરોધ પક્ષની ગેરહાજરી વચ્ચે મનપાની સામાન્ય સભા ફરી એકવાર ફારસ બની











(તસ્વીરઃ આનંદ જાવિયા)





## જનપ્રતિનિધિઓએ પ્રશ્નોની ચર્ચાને બદલે નકામા પ્રશ્ન પુછી એક કલાકનો સમય વેડફયોઃ કોંગ્રેસના નગરસેવકોને શહેરીજનોના મહત્વપૂર્ણ પ્રશ્નોમાં રસ નથી, પરંતુ મિડિયામાં છવાઈ જવા નાટક કરે છેઃ જયમીન ઠાકર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મનપાની જનરલ બોર્ડ મેયર નયનાબેન પેઢડીયાની અધ્યક્ષતામાં વિરોધ પક્ષ કોંગ્રેસની સુચક ગેરહાજરી વચ્ચે મળ્યું હતું. જે ફરી એકવાર નિરસ બન્યું હતું. શહેરીજનોના મહત્વના પ્રાણ પ્રશ્નોની ચર્ચાને બદલે ચૂંટાયેલાં જન પ્રતિનિધિઓએ ફાલતુ પ્રશ્ન પૂછી એક કલાકનો સમય બગાડયો હતો. ભાજપના નગર સેવકોના પરિણામે રાજકોટની નિકટ સમસ્યાઓ કોરાણે મુકાઈ હતી. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાનું આ પ્રથમ બોર્ડ હતું. પરંતુ પ્રથમ બોર્ડમાં તેઓને વિપક્ષી પ્રતિનિધિઓનો સામનો કરવામાંથી મુક્તિ મળી હતી. ઉલ્લેખનિય છે કે આજે પ્રથમવાર વશરામ સાગઠીયા સહિત કોંગ્રેસના ચારેય નગરસેવકોની ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી. જો કે તેઓ કયાં કારણોસર ગેરહાજર રહ્યા હતા તેની કોઈ સ્પષ્ટતા કરાઈ ન હતી. તેઓની ગેરહાજરીને લઈ સ્ટેન્ડીંગ ચેરમેન જયમીન ઠાકરે સભાની શરૂઆતમાં જ જણાવ્યું હતું કે કોંગ્રેસને પ્રજાના વિકાસ કામોમાં જરા પણ રસ નથી. તેઓ ફકત આ વિકાસ કામોમાં રોળા જ નાંખી રહ્યા છે. જો તેઓને પ્રજાની ચિંતા હોત તો તેઓ આજે જનરલ બોર્ડમાં હાજર રહ્યા હોત. તેઓ દ્વારા રજા રિપોર્ટ મુકવામાં આવ્યો હતો. તેઓ માત્ર મિડિયામાં છવાઈ જવા નૌટકી જ કરી રહ્યા છે. આજે સામાન્ય સભામાં વિપક્ષ ગેરહાજરી વચ્ચે મ્યુનિસિપલ કમિશનર દ્વારા વેસ્ટ ઝોન, સેન્ટ્રલ ઝોન અને ઈસ્ટ ઝોનમાં કોર્પોરેશન દ્વારા કરાયેલાં બાંધકામ ગ્રેનેજ અને વોટર વર્કસના કામો અંગે એક કલાકનો સમય ચર્ચા કરાઈ હતી. જેમાં વેસ્ટ ઝોનમાં કુલ ૩૪૩ કામો પૂર્ણ થયા હોવાનું જણાવ્યું હતું. જયારે સેન્ટ્રલ ઝોનમાં ૮૯૮૬.૮૫ લાખના કામ પૂર્ણ થયા હોવાનું જણાવાયું હતું. આમ ફકત એક કલાકનો સમય વેફડી નાંખવામાં આવ્યો હતો. આ પહેલાં સામાન્ય સભાની શરૂઆતમાં પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંઘને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બાદમાં સભાના અંતમાં મુકાયેલી તમામ ૯ દરખાસ્તો મંજૂર કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે અરવિંદભાઈ મણીયાર પુસ્તકાલયના બોર્ડમાં મનપાના સભ્ય તરીકે વોર્ડ નં.૨ના નગર સેવિકા મિનાબા જાડેજાની નિમણૂંક કરાઈ હતી. આજે મળેલી બેઠકમાં નગરસેવકો ઉપરાંત મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં BZ જેવું જ મહાકૌભાંડઃ રોજના ૪૦૦૦ મળવાની લાલચે લોકો ફસાયા

## ઉત્તર, પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ એમ ચાર ઝોનમાં ફેલાયેલી ટોળકીએ ગુજરાતના હજારો લોકોને માર્યુ કરોડોનું બૂચ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જ નહીં બલ્કે આખા ગુજરાતમાં ચકચાર મચાવી દેનાર એક કા તીન નામનું બીઝેડ કૌભાંડ હજુ ગુંજી રહ્યું છે અને તેમાં ભાજપને પણ છાંટા ઉડ્યા છે ત્યારે આવું જ એક કૌભાંડ રાજકોટ સહિતના શહેરોમાં આકાર લઈ ગયાનો ઘટસ્ફોટ થવા પામ્યો છે. આ કૌભાંડમાં સામેલ ટોળકીએ હજારો લોકોને રોજનું ૪૦૦૦ વળતર મળશે તેવી લાલચ આપીને ફસાવ્યા બાદ કરોડો પડાવી લીધાનું ખુલ્યું છે. આ કૌભાંડને અંજામ આપનારી ટોળકીએ ઉત્તર, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ એમ ચારેય ઝોનમાં પોતાની જાળ બિછાવીને લોકોને ખંખેરી લીધા હોવાનું બહાર આવ્યું છે.

આ અંગે સાબુનું હોલસેલ વેચાણ કરવાની એજન્સી ધરાવતાં મોહસીન રસીદભાઈ મુલતાની (રહે.કોઠારિયા રોડ)એ પોલીસ કમિશનરને સંબોધીને કરેલી અરજીમાં જણાવ્યું છે કે અંકલેશ્વરના ફિરોઝ દિલાવરભાઈ મુલતાની નામના શખ્સે બ્લોક ઓરા નામની કંપની શરૂ કરી હતી. આ કંપનીમાં નીતિન જગત્યાની ટેક્નીકલ મેનેજર-ભાગીદાર છે તો અમિત મનુભાઈ મુલતાની (રહે.અંકલેશ્વર) સૌરાષ્ટ્ર ઝોનનો હેડ તો અઝહરુદ્દીન સતારભાઈ મુલતાની માર્કેટિંગ હેડ અને મકસુદ સૈયદ ગુજરાત હેડ છે.

મોહસીન અમિત મનુભાઈ મુલતાનીને વર્ષોથી ઓળખતો હોય જૂન-૨૦૨૨માં તે રાજકોટ આવ્યો ત્યારે તેણે ક્યું હતું કે તે ક્રિપ્ટો કરન્સી ટીબેકથ કોઈનનું કામ કરે છે જેમાં બ્લોક ઓરા કંપનીનાટીબેકથ કોઈનમાં રોકાણ કરવાથી ખૂબ જ સારું વળતર મળશે. આ પછી અનેક વખત કંપનીની ઝૂમ મિટિંગ તેમજ મુંબઈ સ્થિત સહારા હોટેલમાં યોજાયેલી મિટિંગના વીડિયો પણ બતાવ્યા હતા.

સ્કિમ સમજાવ્યા બાદ અમિત મુલતાની અને ફિરોઝ મુલતાની તેમજ નીતિન જગદાણીએ લીંબડીમાં જ્ઞાતિનું અધિવેશન હતું ત્યાં મુલાકાત કરાવી હતી. આ વેળાએ મોહસીન મુલતાનીના મીત્ર સાહિલ મુલતાની, રહિદ મોહમદભાઈ જામ, જાવેદ બાબુભાઈ મુલતાની પણ હાજર હતા. આ વેળાએ ફિરોઝે કહ્યું હતું કે તેની કંપનીના એક આઈડીમાં ૪.૨૫ લાખનું રોકડથી રોકાણ કરાશે તો તમામને દરરોજ ચાર હજારનું વળતર મળશે.

આ પછી કોઈન લોન્ચ થો ત્યારે કેટલા રોકાણ પર કેટલું વળતર મળશે તે અંગેની માહિતી એક વેબસાઈટ ઉપર બતાવી હતી. આ વિશ્વાસના આધારે જૂલાઈ-ઑગસ્ટ ૨૦૨૨માં મીત્ર મનિષ લશ્કરી તેમજ જાવેદ મુલતાનીની હાજરીમાં ફિરોઝને કટકે કટકે ૧૩ લાખ રૂપિયા આપ્યા હતા જેનું રોકાણ બ્લોક ઓરા કંપનીમાં કર્યુ હોવાનું બતાવી લોગઈન આઈડી અને પાસવર્ડ આપ્યો હતો. આ રોકાણ તેમજ મળનારા વળતરની રકમ કોઈનના સ્વરૂપમાં આઈડી ઉપર જોવા મળતી હતી પરંતુ જેવા પૈસા ઉપાડવાની વાત કરી એટલે એવો જવાબ અપાયો હતો કે થોડા સમયમાં કોઈન લોન્ચ થઈ જો એટલે તે કોઈનમાર્કેટ નામની વેબસાઈટ પર તેને વેચીને રકમ પરત મળી જશે.

જો કે ઘણો સમય વીતી ગયા બાદ પણ રકમ પરત નહીં મળતાં ઉપરોક્ત ટોળકીનો સંપર્ક કરાયો હતો ત્યારે એવો જવાબ મળ્યો કે સીસ્ટમમાં એરર આવી ગઈ હોવાથી પૈસા પરત મળવામાં થોડો સમય લાગી જશે. આ પછી કોઈન માર્કેટ નામની વેબસાઈટ ઉપર તપાસ કરતાં બ્લોકઓરા કે ટીબેક પૈકીનો એક પણ કોઈ લિસ્ટીંગ થયો ન હોવાનું ધ્યાન પર આવ્યું હતું.

# વિદેશથી આવતા લોકો માટે દસ્તાવેજ માટે તત્કાલ સ્લોટની સુવિધા આપવા રજૂઆત

## જંત્રી અમલીકરણ પહેલા સમય આપવા અંગે રાજકોટ રેવેન્યૂ બારની માંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રેવેન્યુ પ્રેક્ટિસ કરતા વકીલો દ્વારા રાજકોટના નોંધણી નિરીક્ષક કચેરીના એઆઈજીઆર અજય કુમાર એસ ચારેલને એક આવેદન આપેલ જે આવેદનમાં રેવેન્યૂ અંગે લોકોને સ્પર્શતા તેમજ દસ્તાવેજ ઓનલાઈન ડ્રાફટિંગમાં ઊભી થતી મુશકેલીઓ અંગે આવેદન આપેલ જેમાં ગરવી સોફ્ટવેર યુઝર ફ્રેન્ડલી બનાવવાની જરૂરિયાત હોય નીચેની બાબતને ધ્યાને લેવાનું જણાવ્યુ હતુ. હાલના સોફ્ટવેરમાં વર્ષ ૨૦૨૫ ની અગાઉના વર્ષની ડઉઊ એપ્લિકેશન કોપી થઈ શકતી ન હોય એક જ સરખા પ્રોજેક્ટના દસ્તાવેજમાં રીપીટેડ વર્કમાં હજારો માનવ કલાકો માનવ શક્તિમાન ઉર્જાનો બગાડ થાય છે. દસ્તાવેજ નું વેલ્યુએશન ઓટોમેટિક તૈયાર થવું જોઈએ તે હાલમાં થતું નથી.


હાલમાં યુએલસી માંથી નીકળી ગયેલ જમીનો અંગે સબ-રજીસ્ટ્રાર દ્વારા કલેકટર ઓફિસમાંથી વેરીફાઈ કરાવે છે તેમાં દસ્તાવેજ અપોઈન્ટમેન્ટ લીધા બાદ કલેકટર ઓફિસ મોકલવામાં આવતું હોય અને તેમાં બહુજ વિલંબ થતો હોય અને બધા પક્ષકરોને નાણાકીય વહીવટ માં મુશ્કેલી પડતી હોય તે માટે માત્ર અરજી ના આધારે યુએલસી વેરીફીય કરવી આપવી જોઈએ તેમજ માત્ર એકજ મિલકત ના પૈકી ભાગ પુરતુજ વેરીફાય કરવાના બદલે સમગ્ર મિલકતનું ક્ષજ્ઞભ આપવું જોઈએ. સુચિત જંત્રી અમલવારીમાં મુક્તા પહેલા એક મહિનો પહેલા જત્રીને સર્વ લોકો જોઈ શકે તે રીતે ઉપલબ્ધ કરાવવો જેથી કરીને કંઈ વિશેષ સુધારા વધારા હોય તો તેની જાણ થઈ શકે રાજકોટ રેવેન્યૂ બારના સેક્રેટરી વિજયભાઈ તોગડીયા, પંકજભાઈ દોંગા, અશ્વિનભાઈ રામાણી,વિમલભાઈ ડાંગર, સમીરભાઈ રાણીંગા, જયેશભાઈ વ્યાસ,જે.આર ફુલારા, તુષાર ગોસ્વામી, રાજેશભાઈ નસીત, હિતેશભાઈ રાદડિયા, અશ્વિનભાઈ કાનાણી, મનસુખભાઈ નાથાણી જગદીશભાઈ સોરઠીયા, ભાર્ગેવભાઈ પટેલ,આનંદભાઈ પરમાર વિગરે જોડાયલ ખૂંટ, વિવેક લીંબાણી,પરેશભાઈ પાદરિયા, સી એમ પટેલ, આનંદ પરમાર જોડાયા હતા.

# રાજકોટમાં NSUIની સંવિધાનના નારા સાથે મશાલ રેલી નીકળી

## શક્તિસિંહ ગોહિલે ભાજપને ડો. આંબેડકરનું અપમાન કરનારી ખેડૂત વિરોધી સરકાર ગણાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**







(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટમાં આજે સાંજે NSUI દ્વારા જય બાપુ, જય ભીમ અને જય સંવિધાનના નારા સાથે વિશાળ મશાલ રેલી નીકળી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ અને NSUIના રાષ્ટ્રીય અધ્યક્ષ વરુણ ચૌધરીની આગેવાનીમાં આ રેલી નીકળી હતી. જેમાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ દ્વારા ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા. જેમાં ભાજપે હંમેશા બાબા સાહેબનો વિરોધ કર્યો છે તેમ કહી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ તાજેતરમાં બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરનું રાજ્ય સભામાં અપમાન કર્યું હતું. આ સાથે જ ખેડૂતોને પાકના ભાવ ડબલ ને બદલે ઘટ્યા હોવાનું નિવેદન આપી ભાજપ સરકારને ખેડૂત વિરોધી સરકાર ગણાવી હતી.

રાજકોટમાં ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ અને NSUIના રાષ્ટ્રીય અધ્યક્ષ વરુણ ચૌધરીની આગેવાનીમાં મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મોટી સંખ્યામાં NSUIના કાર્યકરો હાજર રહ્યા હતા. જેમાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલનું નિવેદન સામે આવ્યું હતું. તેઓએ જણાવ્યું હતુ કે, સંવિધાનની વાત, મહાત્મા ગાંધીજીના વિચારો અને બાબા સાહેબ આંબેડકરના સંવિધાનના માન રૂપે આ મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ભાજપે હંમેશા બાબા સાહેબનો વિરોધ કર્યો છે. હાલમાં જ અમિત શાહે પણ રાજ્યસભામાં બાબા સાહેબનું અપમાન કર્યું, આ સાથે જ ઈફકો દ્વારા રાસાયણિક ખાતરના ભાવમાં ૨૫૦ રૂપિયાના ભાવ વધારા મામલે શક્તિસિંહે ભાજપ સરકાર પર કર્યા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે, આ સરકાર ખેડૂત વિરોધી સરકાર છે. મત જોઈતા હતા ત્યારે એમ કહ્યું કે, ખેડૂતોની આવક ડબલ કરીશું. તેની જગ્યાએ ખેડૂતોના ખર્ચ ડબલ થયા છે. ૨૦૧૪માં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૧૫૦૦ રૂપિયામાં ૨૦ કિલો કપાસ વેચાતો હતો. ૧૦ વર્ષ પાછી ભાવ ડબલ તો ઠીક હતો એનાથી પણ ઘટ્યો છે. ૨૦૧૪માં મગફળી ૧૪૦૦ રૂપિયે વેચાઈ હતી. તેની સામે અત્યારે ૧૦૦૦-૧૧૦૦ રૂપિયા વેચાય છે. GST નું મારણ અને રાસાયણિક ખાતરમાં વધારો ખેડૂત માટે પડ્યા પર પાટુ સમાન છે. આ ભાવ વધારો ખેડૂતો માટે સાંખી લેવાય એમ નથી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

